જિલ્લાના શહેરી વિસ્તારોમાં કોરોના વકરતાં ૧૫થી વધુ લગ્ન રદ

સંક્રમણ ધીમું પડ્યા પછી પરિવારો નવા મૂહુર્ત કઢાવી લગ્ન યોજશે

બાયડ, તા. ૨૪

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ એકોક બેકાબુ બનતાં આમંત્રણ આપવા છતાં પણ અનેક લોકો લગ્નના અવસરમાં હાજરી નહીં આપે તેવી દહેશતથી જિલ્લાના ૪ શહેરી વિસ્તારોમાં ૧૫ થી વધુ લગ્ન રદ થયા છે. લગ્નના આયોજન માટે કરેલ તૈયારીઓ અને અગાઉથી બુકીંગના જે ઓર્ડર આપ્યા હતા તે પણ રદ કરાવતાં યજમાનોને મોટો ઘાટો પડ્યો છે. સંક્રમણ ધીમું પડ્યા પછી નવા મુહૂર્ત કઢાવી લગ્ન યોજાશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર છેલ્લા કેટલાય દિવસથી હિંમતનગર - ઈડરમાં કોરોનાએ ધમસાણ મચાવ્યું છે. દરરોજ ડબલ ફીગરમાં સંક્રમિત કેસ સામે આવતાં હવે અનેક પરિવારો લગ્ન તો ઠીક પરંતુ બાજુમાં રહેતા પાડોશીના ત્યાં જવાનું પણ ટાળી રહ્યા છે. જેમાં હિંમતનગર શહેર અને તેનો ગ્રામ્ય વિસ્તાર કોરોનાની ઝપેટમાં આવી ગયો છે ત્યારબાદ ઈડર, મોડાસા અને બાયડમાં પણ કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બનતાં આ ૪ શહેરી વિસ્તારોમાં ૧૫થી વધુ પરિવારોએ સંબંધીઓના આરોગ્યની ચિંતા કરી ગમે તેટલું નુકસાન જાય પરંતુ લગ્ન યોજવા નથી તેવો નિર્ધાર કરી ગોર મહારાજ ઉપરાંત રસોઈયા, મંડપ અને બ્યુટીપાર્લર સહિતના તમામ ઓર્ડર રદ કરાવ્યા છે. ઓર્ડર રદ કરાવતી વખતે કેટલાક પરિવારોને ચકમક ઝર્યાની પણ ગરમા ગરમ વિગતો બહાર આવી છે. એક પરિવારે તો અન્ય રાજ્યમાં જાન લઈ જવાની હરતી તેના પેટે એડવાન્સ ચૂકવેલી રકમ પણ જતી કરવાની નોબરત આવી છે.

હિંમતનગરમાં કોરોના બ્લાસ્ટ છતાં શહેરને રાત્રિ કરફ્યુમાંથી બાકાત રખાયું

હિંમતનગર શહેરમાં ૧૮૦ એક્ટિવ કેસ, સાબરકાંઠા જિલ્લામાં ૪૯૮ એક્ટિવ કેસ

બાયડ, તા. ૨૪

સાબરકાંઠાના પાટનગર હિંમતનગરમાં છેલ્લા એક સપ્તાહથી કોરોના બ્લાસ્ટની સ્થિતિ છે. રાજ્ય સરકાર દ્વારા ૧૦ શહેરોની સાથે કેટલાક શહેરી વિસ્તારોને કરફ્યુમાં જોડવામાં આવ્યા છે. પરંતુ હિંમતનગરમાં કોરોના બ્લાસ્ટ થતાં શહેરને રાત્રિ કરફ્યુમાંથી બાકાત રખાતાં કોરોના સંક્રમણ વધુ બેકાબુ બને તેવી દહેશત સેવાય છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગુજરાતમાં કોરોનાની ત્રીજી લહેર સંક્રમણ વધારી રહી છે. સતત વધી રહેલા કેસથી રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ ચિંતિત છે. જેમાં રાજ્ય સરકારની કોર કમિટી દ્વારા કોરોના બ્લાસ્ટને અટકાવવા માટે કેટલાક કડક પગલાં ભરાશે તેવી અટકળો શરૂ થઈ હતી. ગતરોજ રાજ્ય સરકાર દ્વારા વધુ પોઝિટિવ રેસિયો ધરાવતા ૧૭ શહેરી વિસ્તારોમાં તા. ૨૨ જાન્યુઆરીથી દરરોજ રાત્રે ૧૦ થી સવારે ૬ સુધી કરફ્યું લાદવામાં આવ્યો છે. જ્યારે ઉત્તર ગુજરાતના એકપણ શહેરી વિસ્તારમાં કરફ્યું લાદવામાં આવ્યો નથી. ઉત્તર ગુજરાતના મહેસાણા ઉપરાંત સાબરકાંઠા પાટનગરના હિંમતનગરમાં કોરોના કેસ સતત વધી રહ્યા છે ત્યારે હિંમતનગર શહેરને કરફ્યુના અમલથી કેમ બાકાત રાખવામાં આવ્યું ? તે સ્થાનિક લોકોની સમજના બહાર છે. સાબરકાંઠા જિલ્લામાં ૪૯૮ એક્ટિવ કેસ નોંધાયા છે તે પૈકી ૧૮૦ એક્ટિવ કેસ નોંધાયા છે તે પૈકી ૧૮૦ એક્ટિવ કેસ માત્ર હિંમતનગર શહેરના હોવાનું જાણવા મળ્યું છે.

જન્મદિને વધામણા

પાર્થ ચેતનભાઇ ગોર
મોડાસા જિલ્લો અરવલ્લી

ઈશ્વરભાઈ પી. પટેલ
સરસોલી કંપા તા બાયડ
જીલ્લો અરવલ્લી

ભુપેન્દ્રભાઈ સોની
વાસણીરેલ પ્રા.શાળા
વિવેકાનંદ સોસાયટી
બાયડ જીલ્લાં અરવલ્લી

ધાનેરા નગરપાલિકાના વોર્ડ નંબર ૪માં સ્વચ્છતાના નામે ધજીયા ઉડ્યા

આજ દિન સુધી કોઈ સભ્ય વોર્ડમાં આવ્યા નથી અને ઠેર ઠેર કચરાના ઢગલા અને ગટરો ઉભરાઇ રહી છે

ધાનેરા,

ધાનેરા નગરપાલિકા માં સરકારશ્રી સ્વચ્છતા ને નામે લાખો રૂપિયાની ગ્રાન્ટો આવે છે છતાં આ ગ્રાન્ટો ક્યાં ચાઉ થઈ જાય છે તે ખબર પડતી નથી વોર્ડ નંબર ૪ માં જ્યાં ત્યાં ઠેર-ઠેર કચરાના ઢગલા જોવા મળે છે. આ અંગે અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે,

ગટર ઉભરાઈ રહી છે છતાં કોઈ સ્વછતા નાં નામે કામ થતું નથી તેમજ આવી કોરોના જેવી ગંભીર બીમારીમાં પણ દવા નો છંટકાવ થતો નથી. નગરપાલિકાના સભ્યો ચૂંટણી જીત્યા પછી પણ આજદિન સુધી વોર્ડમાં દેખવા આવ્યાં નથી શું એમની ફરજ માં નથી આવતું તો આવતી ચૂંટણી માં વોર્ડ ના લોકો ને સમજવાની જરૂર છે અને સ્વચ્છતા ના નામે આવતી ગ્રાન્ટો ક્યાં ચાઉ થઈ જાય છે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

દરામલી ચોકડી નજીક અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલકનું મોત, ૧ ને ઈજા

બાયડ, તા. ૨૪

ઈડર તાલુકાના દરામલી ચોકડી નજીક પૂરઝડપે જતા અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતાં ગંભીર ઈજાથી ચાલકનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એકને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર હિંમતનગર - ઈડર માર્ગ શિયાળાની ઠંડી વધતાં વધુ ગોઝારો સાબિત થઈ રહ્યો છે. તા. ૨૦ના રોજ સમી સાંજે દરામલી ચોકડી નજીક પૂરઝડપે દોડતા અજાણ્યા વાહનચાલકે બાઈક નં. જી.જે.૧૧-બીકે-૧૯૯૮ને ટક્કર મારતાં વિજય દિલીપસિંહ વાઘેલા (રહે. ગોકુલનગર, અમદાવાદ)નો બોડાત (રહે. જાલેટી, તા. વિજયનગર)ને ઈજા પહોંચતાં સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પ્રેમ વિજયસિંહ વાઘેલાની ફરિયાદના આધારે જાદર પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

એક મહિનામાં કોરોનાથી ૬ના મોત, ૩૯૩ એક્ટીવ કેસ

જિલ્લામાં વધતા કોરોના સંક્રમણથી ૨૬ લાખ માનવ વસતીમાં ચિંતા વધી : ફરી ડોર ટુ ડોર સર્વે કરી ટેસ્ટ વધારવા ઉપર ભાર મૂકવો જરૂરી

બાયડ, તા. ૨૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દૈનિક વધી રહેલા કોરોના સંક્રમણથી ૨૬,૮૦,૪૬૨ માનવ વસતી ધરાવતા જિલ્લામાં ચિંતા વધી રહી છે. ફરી એકવાર ડોર ટુ ડોર સર્વે કરી ટેસ્ટ વધારવા ઉપર ભાર મૂકવામાં નહીં આવે તો સ્થિતિ વધુ કાબુ બહાર જઈ શકે છે. જિલ્લાના વહીવટી તંત્રમાં ખાટલે ખોડ હોય તેમ મોડાસા, બાયડ, ઈડર અને ખેડબ્રહ્મામાં આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટે આજદિન સુધી કોઈ વ્યવસ્થા ઉભી કરાઈ નથી. એક મહિનામાં સાબરકાંઠામાં ૪, અરવલ્લીમાં ૨ના મોત નિપજવાની સાથે અત્યારે ૩૯૩ એક્ટિવ કેસ નોંધાયા છે.

પાછલા દોઢ સપ્તાહમાં હિંમતનગર, ઈડર, મોડાસા, બાયડ, પ્રાંતિજ અને તલોદમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. કોરોનાની ત્રીજી લહેર પહેલાં મોટાભાગની પ્રજાએ વેક્સિનેશન કરાવ્યું હોવાથી ત્રીજી લહેર સામે જીવનું વધુ જોખમ નથી પરંતુ આવનારા દિવસોમાં ઓમિક્રોન સંક્રમણ પ્રસરે તો દહેશત વધવાની સંભાવના વ્યક્ત થઈ છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં રોજ સમી સાંજે કોરોનાના પોઝિટિવ કેસના આંકડા બહાર પાડવામાં આવે છે તેનાથી પ્રજા અને આરોગ્ય તંત્રનો પરસેવો છૂટી રહ્યો છે. સંક્રમણ બેકાબુ બન્યું છતાં સોશિયલ ડીસ્ટન્સ અને માસ્ક પહેરવાની લાપરવાહીમાં કોઈ સુધારો આવ્યો નથી. આ સંજોગોમાં વધુ પડતાં સંક્રમણને અટકાવવા જિલ્લાના ૧૪ પૈકી ૬ તાલુકા વધુ અસરગ્રસ્ત હોવાનું જણાઈ આવ્યું છે તેવા વિસ્તારોમાં ઘેર - ઘેર ફરી ડોર ટુ ડોર સર્વે કરી ટેસ્ટીંગ વધારવા ઉપર આરોગ્ય તંત્રએ ભાર મૂકવાની તાતી જરૂરિયાત છે.

રેલ્લાવાડા પાસે ફોટોગ્રાફરનો મૃતદેહ મળતા ચકચાર

પરિવારજનોએ હત્યાની આશંકા વ્યક્ત કરતાં પોલીસ દોડતી થઈ : ઘટના સ્થળે ટોળેટોળાં ઉમટ્યાં

બાયડ, તા. ૨૪

મેઘરજ તાલુકાના રેલ્લાવાડા પાસે ગેડ ગામના કેટલાક કિસ્સાઓમાં તો હત્યા કરી મૃતદેહને ફેંકી દેવાઈ હોવાના આક્ષેપોથી પોલીસ સામે પડકાર ઉભો થયો છે. ગત રોજ ધરાવતા જવાન તરારનો મૃતદેહ રેલ્લાવાડા ચેકપોસ્ટ નજીકથી મળી આવતાં તહેર તરેહની

સ્ટુડીયો ફોટોગ્રાફરની બાઈક નીચે દબાયેલો મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી છે. પરિવારજનોએ ઓર્ડરમાં ગયેલા યુવાનના મોત અંગ હત્યાની આશંકા વ્યક્ત કરતાં પોલીસ દોડતી થઈ છે. સવારે રેલ્લાવાડામાં સ્ટુડીયો ધરાવતા યુવકનો મૃતદેહ જોવા મળતાં ઘટના સ્થળે ટોળેટોળાં ઉમટી પડ્યાં હતાં. બનાવની જાણ થતાં પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ સ્થળ ઉપર રવાના થયાનું જાણવા મળ્યું છે.

જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવવાનો સિલસિલો યથાવત રહ્યો છે.

પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરતાં અધિકારીઓ દોડ્યા...

મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ચેકપોસ્ટ પાસે ગેડ ગામના સ્ટુડીયો ફોટોગ્રાફરનો બાઈક નીચે દબાયેલો મૃતદેહ મળી આવતાં લોકટોળાં ઘટના સ્થળે ઉમટી પડ્યાં હતાં. પરિવારજનોએ હત્યાની આશંકા સાથે એક તબક્કે મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દેતાં પોલીસના ઉચ્ચ અધિકારીઓ દોતા થયા હતા.

મેઘરજ તાલુકાના ગેડ ગામના અને રેલ્લાવાડામાં ફોટોસ્ટુડીયો ચર્ચાઓએ જોર પકડ્યું છે. બાઈક નીચે દબાયેલી હાલતમાં સ્ટુડીયો ફોટોગરાફરનો મૃતદેહ રહસ્યના તાણાવાણા સર્જી દીધા છે. ઘટનાની જાણ થતાં પરિવારજનો સ્થળ ઉપર દોડી આવ્યા હતા અને આગલી રાત્રે યુવક ઓર્ડરમાં જવા માટે નિકળ્યા પછી બીજા દિવસે તેની શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો છે તે જોતાં હત્યાની આશંકા વ્યક્ત કરવામાં આવતાં મામલો વધુ પેચિંદો બન્યો છે. બનાવને પગલે પોલીસની ટીમો દોડતી થયા પછી મૃત્યુ અંગે પ્રાથમિક તપાસ શરૂ કરવામાં આવી છે.

ભિલોડામાં ટ્રાફિકને અડચણરૂપ ગેરકાયદેસર દબાણો વહીવટી તંત્રના દ્વારા હટાવવાની પુરજોશમાં

ભિલોડા,તા.૨૪

ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા મેઈન બજાર વિસ્તારમાં કાયમી ધોરણે ટ્રાફિકની સમસ્યા હલ કરવા સંદર્ભે અરવલ્લી જીલ્લા મથક ખાતે સંકલન સમિતિની બેઠક દરમિયાન ગેરકાયદેસર દબાણો અને ટ્રાફિકનો પ્રશ્ન ચર્ચાતા લારી અને ગલ્લાના દબાણો હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી.ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણો જે.સી.બી મારફતે હટાવાયા હતા.

ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા મેઈન બજાર વિસ્તારમાં ઈડર-ભિલોડા-શામળાજી ધોરીમાર્ગની આજુ-બાજુમાં ટ્રાફિકને અડચણરૂપ ગેરકાયદેસરના લારી - ગલ્લાના ગેરકાયદેસરના દબાણો હટાવવાની કામગીરી મામલતદાર, પી.એસ.આઈ, ટી.ડી.ઓ,આર એન્ડ બી, સીટી સર્વેયર ઓફીસના વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા સંયુક્ત રીતે કામગીરી હાથ ધરાઈ હતી.કહીં ખુશી કહીં ગમના દ્રશ્યો સર્જાયા હતા.રાહદારીઓ અને વાહન ચાલકોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

અરવલ્લી જીલ્લા પંચાયત પુર્વ પ્રમુખ રાજેન્દ્ર પારધી,

સામાજિક કાર્યકરો ભરત ત્રિવેદી,જીતુ બરંડા,દિલીપ પરમાર,જશુભાઈ પંડયા સહિત વેપારીઓએ વિરોધ નોંધાવ્યો હતો.

લારી અને ગલ્લાવાળા નાના વેપારીઓ માટે ભિલોડા ગ્રામ પંચાયત કચેરી દ્વારા વૈકલ્પિક રીતે કાયમી ધોરણે જગ્યાની વ્યવસ્થા કરવી જોઈએ તેવો સુર વ્યક્ત કર્યો રહ્યો હતો.

ભિલોડામાં હાર્દસમા રહેણાંક વિસ્તારોમાં ઠેર-ઠેર કાયદાની ઐસી કી તૈસી કરીને દબાણકારોએ

ગેરકાયદેસર રીતે પાકાં અને કાચાં બાંધકામ અને દબાણો બેરોકટોક રીતે કર્યા છે.દબાણોનો જાણે કે રાફડો ફાટ્યો હોય તેવી રીતે આડેધડ બાંધકામ જોવા મળી રહ્યા છે.રસ્તા પૈકીના દબાણો,કોમન પ્લોટના દબાણો,ખુલ્લા ભોગવટાની જગ્યામાં દબાણો બિલાડીના ટોપની જેમ ફુલી ફાલી રહ્યા છે.વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા ન્યાયિક રીતે કાર્યવાહી હાથ ધરવી જોઈએ તેવો સુર જાગૃત ગ્રામજનો વ્યક્ત કર્યો હતો.

સરડોઈમાં દેશી દારૂના અહેવાલ બાદ રેડ માટે પોલીસ દોડી

બાતમી લીક થઈ હોય તેમ માત્ર ૫ લીટર દારૂ ઝડપાયો

બાયડ તા.૨૪

મોડાસા તાલુકાના સરડોઈ ગામે દેશી દારૂના અડ્ડા ધમધમતા હોવાના અહેવાલ એક માત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા બાદ પોલીસ રેડ માટે દોડતી થઈ છે.ગત રોજ નજીકના પાદરમાં રેડ કરી પોલીસે માત્ર ૫ લીટર દેશી દારૂ ઝપ્ત કરતા રેડની બાતમી લીક થઈ હોય તેવું લાગી રહ્યું છે.

મોડાસાના વિકસિત ગામ સરડોઈમાં ગૃહ ઉદ્યોગ ચલાવતો હોય તેમ દેશી દારૂનું વેચાણ થઈ રહ્યું છે.દારૂના વ્યસનીઓ અને દારૂ ગાળનાર તત્વોને પોલીસ નો ડર રહ્યો ન હોવાથી પોલીસ ઉપર ખીસ્સા ભરવાના આક્ષેપ સાથે ફરિયાદ ઉઠી હતી જે અંગે ગત રોજ પ્રસિધ્ધ થયેલા અહેવાલ બાદ મોડાસા ગ્રામ્ય પોલીસ હરકતમાં આવી હતી જેમાં આઉટ પોસ્ટ ના જમાદાર અને સ્ટાફ ને સાથે રાખી રેડ કરી હતી પરંતુ દારૂ વેચનારા અગાઉથી ચેતી જતાં કોઈ મુદ્દામાલ મળ્યો નહતો પણ નજીકના પાદરમાં પોલીસે રેડ કરી અજિત સિંહ રાઠોડ ના ત્યાંથી રૂ.૧૦૦ ની કિંમતનો દેશી દારૂ જપ્ત કરી ગુનો નોંધ્યો છે.ગામમાં પોલીસ માત્ર દેખાડા ખાતર નહી પરંતુ દારૂના વ્યસનથી બરબાદ થતાં પરિવારના હિતમાં કાયમી ધોરણે આ દુષણ બંધ કરાવે તેવું ગ્રામજનો બોલી રહ્યા છે.

ધાનેરા સમૃદ્ધિ ગૌશાળા ખાતે ગૌ માતાના લાભાર્થે લોક ડાયરો યોજાયો

ધાનેરા,

ધાનેરા માં આવેલી સમૃદ્ધિ ગૌ હોસ્પિટલ અને ગૌશાળા ના લાભાર્થે આજે ભવ્ય લોક ડાયરા નું આયોજન કરવામાં આવ્યું હતું. અને રાજસ્થાન જાણીતા ગાયક છોટુસિંહ રાવણ અને સોનુ સીસોદીયા ધ્વરા લોકો ને મંત્ર મુગ્ધ કાર્ય હતા અને લોકો માં ગાય પ્રતેય પ્રેમ જાગે તે માટે પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રાજ્યસ્થાન ના મહંત પ્રતાપપુરી મહારાજ ડીજી વણઝારા ટેટોડા ગૌશાળા ના મહંત રામરતનજી મહારાજ રઘુવીરસિંહ જાડેજા ધાનેરા ના ધારાસભ્ય નથાભાઈ પટેલ પૂર્વ ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ ડો.એમ એસ અગ્રવાલ ડો બીજી મોર સહીત રાજકીય અગ્રણીઓ તેમજ મોટી સંખ્યા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અને પધારેલા મહેમાનો દ્વારા હિન્દૂ ધર્મમાં એકતા જળવાઈ રહે અને ઉચ્ચ નીચ ના ભેદભાવ દૂર થાય તે માટે લોકો ને માહિતગાર કરાયા હતા.

પાલનપુર ખાતે સુભાષચંદ્ર બોઝ જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ

ફોટો સેશન કરાવનાર નેતાઓ પ્રતિમા ની દરકાર કરશે ખરા?

પાલનપુર તા.

આજે સમગ્ર દેશ ભારત માતાના પનોતા પુત્ર સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતીની ઉજવણી કરી રહ્યો છે. ત્યારે પાલનપુર ખાતે પણ સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતીની ઉજવણી કરાઈ હતી.

તુમ મુઝે ખૂન દો- મેં તુમ્હે આઝાદી દૂંગા નો નારો આપનાર આઝાદ હિન્દ ફોઝના સ્થાપક સુભાષ ચંદ્ર બોઝની આજે ૧૨૫મી જન્મ જયંતિ છે. ત્યારે પાલનપુરના કીર્તિસ્થભ વિસ્તારમાં આવેલી સુભાષબાબુની પ્રતિમાને સુભાષચંદ્ર બોઝ સ્મારક સમિતિ દ્વારા પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જ્યાં કોંગ્રેસ અને ભાજપ દ્વારા પણ સુભાષબાબુની પ્રતિમાને પુષ્પાંજલી અર્પવામાં આવી હતી. આ પ્રસંગે રાજકીય નેતાઓ ભાન ભૂલતા કોરોના ગાઈડલાઈનનો ભંગ થયો હતો. જે બદલ આયોજકો એ ક્ષમા યાચના કરી હતી. રાજકીય પક્ષો ઉપરાંત વિવિધ સંગઠનો દ્વારા પણ સુભાષ બાબુને પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી.

બનાસકાંઠા ત્રીજી લહેરમાં મોતની પહેલી ઘટના...

પાલનપુરની ૬૩ વર્ષીય મહિલા અને ડીસાના ૭૫ વર્ષીય વૃદ્ધનું કોરોનાથી મોત

મહિલાનું પાલનપુરની સિવિલમાં જ્યારે વૃદ્ધનું પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં નિધન

પાલનપુર

બનાસકાંઠામાં ત્રીજી લહેર શરુ થયાને ૨૫ દિવસ થયા છે ત્યારે પહેલી વખત જિલ્લામાં કોરોનમાં મૃત્યું પામનાર પાલનપુરની ૬૩ વર્ષીય મહિલા અને ડીસાના ૭૫ વર્ષીય વૃદ્ધનું કોરોનાથી મોત નિપજતા ચિંતા પ્રસરી છે.

મળતી માહિતી મુજબ મહિલાનું પાલનપુરની સિવિલમાં જ્યારે વૃદ્ધનું પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં નિધન થયું છે. પાલનપુરમાં ત્રીજી લહેરમાં કોરોનાથી પ્રથમ વારજ એક સાથે મોતની ૨ ઘટના સામે આવતા જ હડકમ્પ મચી ગયો છે. પાલનપુર ૬૩ વર્ષની મહિલા પાલનપુર સિવિલ હોસ્પિટલમાં દાખલ હતી જેમને હાઈપર ટેન્શન ડાયાબિટીસ સહિતની બિમારી હતી જ્યારે ડીસાના ૭૫ વર્ષીય વૃદ્ધ પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં દાખલ હતા જમણી બંને કિડની ખરાબ હતી ડાયાબિટીસ અને બી.પી.ની તકલીફ અગાઉથી હતી. બનાસકાંઠા એપેડેમીક ઓફીસર ડો. નરેશ ગર્ગે જણાવ્યું હતું કે " બંનેના ડેથ રવિવારે થયા છે. વેક્સિનેશન અંગેની હિસ્ટ્રી લેવાની બાકી છે.